નિરાધાર વૃધ્ધો અને નિરાધાર અપંગોને
અપાતી આર્થિક સહાયમાં વધારો....

ગુજરાત સરકાર,

સમાજ કલ્યાણ વિભાગ,

ઠરાવ ક્રમાંક : વનપ-૧૦૮૪/૩૫૭૫/છ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ :- ૧-૪-૮૬

1 APR 1986

વંચાણે લીધા :- ૧. મ.સ.ક. અને આ. વિ. વિભાગનો ઠરાવ ક્રમાંક: બીએમએ/ ૧૦૭૮/૨૦૧૬૮/છ તા. ૧૭-૪-૭૮

૨. મ.સ.ક. અને આ. વિ. વિભાગનો ઠરાવ ક્રમાંક: બીએમએ/ ૧૦૭૮/મ-૫૮૮૨/છ તા. ૨૫-૯-૭૮

## ઠ રા વ ::-

નિરાધાર વૃધ્ધો અને નિરાધાર અપંગોને નાણાંકીય સહાયની યોજના તા. ૧-૪-૭૮ થી અમલમાં છે, આ યોજના હેઠળ નિરાધાર વૃધ્ધને માસિક રુા. ૩૦/- અને નિરાધાર અપંગ વ્યક્તિને માસિક રુા. ૪૫/- ની નાણાંકીય સહાય હાલમાં ચુકવાય છે, આ સહાયની રકમમા વધારો કરવાની બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નિરાધાર વૃધ્ધો અને નિરાધાર અપંગ વ્યક્તિઓને અનુક્રમે માસિક રુા. ૩૦/- અને રુા. ૪૫/- ની આપવામાં આવતી સહાયની રકમનો દર તા. ૧-૪-૮૬ થી સુધારીને સમાનધોરણે માસિક રુા. ૬૦/-(રુપીયાસાઇઠ) ના દરથી નાણાંકીય સહાય ચુકવવાનું સરકારશ્રી ઠરાવે છે.

૨... આ અંગેનું ખર્ચ અંદાજના સદર '' માગણી નં. ૯૨-૨૮૮-સામાજીક સુરક્ષા અને કલ્યાણ-ચ- બીજા સામાજીક સુરક્ષા કાર્યક્રમ(ખ) બીજા કાર્યક્રમ(૨) અંત્યોદય-એસસીડબલ્યુ-૩૬-વૃધ્ધ અને અપંગ નિરાધારોના

નિર્વાહ માટે નાણાંકીય સહાય( નોન પ્લાન)'' સદરે ઉધારવાનું અને
તે હેઠળ ચાલુ વર્ષે થયેલ જોગવાઇઓમાંથી મેળવવાનુ રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા. ૧૨-૩-૮૬ ની સહમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

એસ.ડી.મહેતા ૧૭/૩/૮૬
( એસ. ડી. મહેતા)
સેકશન અધિકારી,
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, અમદાવાદ
સર્વે કલેકટરશ્રીઓ,
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ / રાજકોટ
નાણાં સલાહકારશ્રી, સમાજ કલ્યાણ વિભાગ,
માહિતી નિયામકશ્રી, સચિવાલય,ગાંધીનગર.
સિલેકટ ફાઇલ

શા૯/૪૩/૮૬ટ.